# -: પ્રેસનોટ :-

આજરોજ માન.પોલીસ કમિશ્નરશ્રી દ્વારા અમદાવાદ શહેરનાં માલધારી સમાજનાં આગેવાનોને રોડ ઉપર રખડતાં ઢોરની સમસ્યાના નિવારણ અંગે ચર્ચા-વિચારણા કરવા આમંત્રિત કરવામાં આવેલ. જેમાં માલધારી સમાજનાં આગેવાનો હાજર રહેલ અને પોલીસ કમિશ્નરશ્રી તેમજ માલધારી સમાજના આગેવાનો વચ્ચે આ પ્રશ્નના નિવારણ માટે લંબાણપૂર્વક ચર્ચા થયેલ જે ચર્ચા દરમિયાન માલધારી સમાજે ઇ.પી.કો. કલમ-૩૦૮ જેવી પશુપાલક વિરુદ્ધની કાર્યવાહી ન થવા બાબતે રજુઆત કરવામાં આવેલ. જે સબંધે તેઓને જણાવવામાં આવેલ કે, ઢોર અંગેની કાર્યવાહી દરમિયાન પશુપાલકનો ઇરાદો કે ગુનો નહી જણાય તો આ બાબતે પુરતુ ધ્યાન આપવામાં આવશે. તેમજ આગામી સમયમાં પોલીસ સ્ટેશન દીઠ માલધારી સમાજના વ્યક્તિઓની ટીમ પોલીસ સાથે આ અંગેની કાર્યવાહીમાં જોડાશે તેમજ પોલીસ અને માલધારી સમાજ બન્ને મળી આ સમસ્યાનું નિવારણ કરવા માટે સંપૂર્ણ પ્રયાસો હાથ ધરશે. સાથોસાથ કાયદા અને નિયમોનું સંપૂર્ણ પાલન કરવા માલધારી સમાજે પણ સંપૂર્ણ સહયોગ આપવા જણાવેલ છે.

**( ડૉ.સુધિરકુમાર દેસાઈ)**
ઈ/ચા.અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફિક, અમદાવાદ શહેર